जागर्तु कोऽपि वसुधावलयेऽनसूय:
सन्मार्मिक:, प्रयतनं हि यदर्थमेतत् ।।
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 17 • Issue No. : 5 • Pages : 8 MUMBAI • 1st May - 2019 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

# ધર્મના ઉપકારની મહત્તા અંગે

(૧) ધર્મ માનવજાતને જીવવા માટે યોગ્ય જીવન ધોરણની બક્ષીસ આપે છે. તેથી માણસ સુખી, આનંદી, સંતોષી, પરોપકારી, દયાળુ, ઉદાર, સભ્ય રહેવા ધારે તો રહી શકે છે. ધર્મનો ઉદ્‌ભવ ન થયો હોત, તેનું અસ્તિત્વ જગતમાં ન હોત તો શું હોત?

પશુ, રાક્ષસ, જંગલી માનવો કરતાં જુદી જાતના માનવો જગતમાં મળત નહીં.

પરંતુ જગતમાં ધર્મ ન હોત તો શું હોત? એ પ્રશ્ન જ નકામો છે. કારણ કે દરેક પ્રાણી માત્રના આત્મામાં જેમ ક્રૂરતા વગેરે દોષો છે, તેજ પ્રમાણે ઓચ્છા વધતા પ્રમાણમાં તેનામાં જ દયા વગેરે પણ એક બાજુ હોય છે. તેથી એક વખતનો ભયંકર ખૂની માણસ મહાપરોપકારી માનવ તરીકે જીવી જાય છે. અનેકના આશીર્વાદ લઈ જાય છે. તથા પોતાના ઉજ્જવળ યશથી જગતને ઉજ્જવળ બનાવી જાય છે. આ ઉપકાર ધર્મનો છે.

**માટે ધર્મ એ કુદરતી પ્રાકૃતિક વિશ્વની નિયમ સિદ્ધ વસ્તુ છે. કોઈથી તે પરાણે ઉત્પન્ન કરી શકાતો નથી. કોઈ તેને જગતમાંથી વિદાય આપવા કુટિ મરે તો પણ તે ચાલ્યો જાય તેમ નથી.**

**તે શાશ્વત-સનાતન-નિત્ય છે. ઉત્તમ જીવનના મહામાર્ગનો પ્રાણ છે, ધ્રુવ તારો છે.**

(૨) ''ધર્મે માનવોને લડાવી માર્યા છે, મોટા મોટા રમખાણો ઊભા કર્યા છે.'' એમ કેટલાક બિચારા અણસમજુ માણસો કહે છે, અને પ્રચારે છે. તેઓની નિર્બળ સમજ શક્તિથી તેઓ એમ માને અને બોલે છે.

ધર્મે માનવજાત ઉપર જે ઉપકાર કર્યો છે, તેવો અને તેટલો ઉપકાર આ જગતમાં કોઈએ કર્યો નથી, કરી શકે નહીં. જે મોટા મોટા ઉપકારી માનવોના નામ જગત ચોકમાં સુવર્ણાક્ષરે અંકિત થયેલા છે, તેઓ પણ જે કાંઈ કરી શક્યા છે, તે ધર્મના જ પ્રતાપે.

જાણતાં કે અજાણતાં, કુદરતી રીતે કે પ્રયાસથી જેનામાં ધર્મનો વાસ હશે, તેઓ જ કાંઈક સારું કરી ગયા છે. સારું કરવું એ ધર્મ વિના થાય જ નહીં.

(૩) ધર્મ એ જ દૃશ્ય કે અદૃશ્ય, મર્યાદિત કે અમર્યાદિત, આજના ભૂતકાળના કે ભવિષ્યના સમગ્ર વિશ્વનો, ત્રિલોકનો, નેતા, રક્ષક, માર્ગદર્શક, માલિક, રાજાધિરાજ, ઈશ્વર, માતા-પિતા, પ્રેરક - એ સર્વરૂપ ધર્મ જ છે.

ઈશ્વરનું ઈશ્વરપણું પણ ધર્મ જ છે. ધર્માત્મા જ ઈશ્વર હોઈ શકે છે. ધર્મ જ પરમાત્મા છે. પરમાત્મા ધર્મરૂપ છે. જેમ કહેવું હોય તેમ કહો. ધર્મ એ જ ઈશ્વરનું ઈશ્વરત્વ છે. માટે ધર્મ એ ઈશ્વર તરફનું જગતને મહાદાન છે. ઈશ્વરનું કર્તૃત્વ સર્વના ભલામાં રહેલું છે. કોઈનાયે બુરામાં તેનું કર્તુત્વ હોઈ શકે? નહીં, તે કોઈનુંયે બૂરું કરે નહીં. ભલું જ કરે.

પાપનો હાર્દિક પશ્ચાતાપ કરનારના ગમે તેવાં પાપો પણ ક્ષમ્ય બની જાય છે. ઈશ્વર પરમાત્માએ જગતને ધર્મનું દાન કરીને પોતાનું પરમાત્માપણું સાર્થક કરેલું છે, પોતાનું કર્તવ્ય પૂરું કરેલું છે. આ વાતમાં કોઈ પણ ધર્મવાળાને શંકા છે? કોઈપણ જુદા શબ્દોમાં પણ આ સિવાય બીજું કહી શકે તેમ છે?

જો કહી શકે તેમ હોય તો તે મહાનુભાવની વાણી અમારે સાંભળવી છે. પરંતુ જગતની પીઠ ઉપર એવો કોઈપણ ધર્માત્મા માનવ જનમ્યો નથી, કે જે આ સિવાય બીજું કાંઈ જુદું જ કહી શકે.

(૪) ભારત ભૂમિ અને તેની મહાઆર્ય પ્રજા ધર્મનું મથક છે, કેન્દ્ર છે. તે વાત જગજાહેર હતી, અને છે. જગતભરના સર્વધર્મના ધર્માત્માઓએ જગતના ભલા માટે ધર્મને આશ્રયે અસાધારણ ભોગો આપ્યા છે.

ધર્માત્માઓએ જ ધર્મને અનુકૂળ અર્થતંત્ર, સમાજતંત્ર, રાજ્યતંત્ર રચી આપેલા છે. તે મારફત પણ ઘણા જીવો ઉપર ઉપકાર થાય છે. તેને પણ નીતિ, સદાચાર, અને ન્યાયના પાયા ઉપર સ્થિર રાખવાથી એક રીતે તે ધર્મના જ અંગો હોવાથી, તે મારફત ધર્મનું જ એક યા બીજા રૂપે સેવન થાય છે.

(૫) વિશ્વનો માલિક ધર્મ જ છે. ધર્મ પરમાત્મા જ છે. પરમાત્મા ધર્મ જ છે. તે એક જ છે. શાશ્વત છે. સનાતન છે. ધ્રુવ છે. નિત્ય છે. તેના સિદ્ધાંતો સનાતન છે. સર્વ વ્યાપક છે. અચળ છે.

(૬) પરંતુ માનવોમાં જેમ જેમ અશક્તિ વધતી ગઈ તેમ તેમ મહાપરમ ધર્મનું અવલંબનને આંબવા માટે તે વામન - નાનો - નીચો બની રહ્યો.

જેથી ધર્મ વૃક્ષની જુદી-જુદી, નાની-મોટી, ઊંચી-નીચી, લાંબી-ટૂંકી ડાળી રૂપે ને જુદા જુદા નામે એજ ધર્મ ગોઠવાઈ રહ્યો છે, અને જુદા જુદા આકારે સર્વનું કલ્યાણ કરી રહ્યો છે, સર્વનું હિત કરી રહ્યો છે, સર્વને યથાશક્ય સન્માર્ગે દોરવી રહ્યો છે.

જગતના ચરાચર, સ્થાવર- જંગમ, જડ-ચેતન સર્જનનો તે માલિક છે. તે ધોરણે જે ભૂપ્રદેશમાં જે ધર્મ વિદ્યમાન છે, તે ભૂપ્રદેશના સર્વ પ્રાકૃતિક, ગુપ્ત કે પ્રગટ, પદાર્થરૂપ, ક્ષેત્રરૂપ, કાળરૂપ કે ભાવાત્મક સર્વ પદાર્થોનો તે ધર્મ માલિક છે.

એટલે કે એક મહા ધર્મસમ્રાટનો માંડલિક રાજા જેવો તે સર્વ-ધર્મ પોતપોતાના અસ્તિત્વ ક્ષેત્રમાં માલિક છે. સર્વનો માલિક ધર્મસમ્રાટ છે.

આ જાતની મહાવ્યવસ્થા વિશ્વ વત્સલ મહાસંત પુરુષોની કરેલી વ્યવસ્થા છે.

પશુ-પક્ષીઓ, જંગલના પર્વતોના માનવો, તથા બીજા નાના-મોટા પ્રાણીઓ વિશ્વના પદાર્થોનો જીવન નિર્વાહ વગેરે માટે ઉપયોગ કરે છે. વિશેષ તેઓને જ્ઞાન નથી. એટલે તેમને જીવવા દેવા તેમના ઉપરની દયાથી ધર્મ વિના પણ ઉપયોગ કરવા દેવામાં આવે છે.

પરંતુ ધર્મ માનનાર, સમજનાર માનવો વગેરે ધર્મ નિરપેક્ષ પણે એક કણીનો પણ તેનો ઉપયોગ ન કરી શકે તેવો તેમના ઉપર વિશ્વવત્સલ મહાપુરુષોએ પ્રતિબંધ મૂકેલો છે.

(૭) દરેક ધર્મના મુખ્ય ધર્મગુરુઓ તે તે ધર્મના સંચાલક, રક્ષક, પ્રેરક તરીકે હોય છે. તે પરમાત્માના- ધર્મદેવના પ્રતિનિધિરૂપે હોય છે. તેમાં શંકા રાખવાને કશું કારણ નથી. તેઓ ધર્મ ખાતર જ જગતના પદાર્થોનો ઉપયોગ કરવાનો હુકમ આપી શકે છે. બીજી રીતે ઉપયોગ કરવા હુકમ આપી શકે નહીં. બીજા હુકમ આપી શકે નહીં.

(૮) સંખ્યાબંધ ધર્મગુરુઓમાં પણ જે વધારેમાં વધારે ધર્મ પરમાત્માની નજીક હોય, તે સર્વનું નેતૃત્વ કરી શકે છે. મહાધર્મના અનેક સ્વરૂપ છે. સંખ્યાતીત સ્વરૂપો છે. તે જુદા જુદા ધર્મના આચાર રૂપે, સિદ્ધાંત રૂપે, ધર્માનુષ્ઠાન રૂપે પ્રગટ જણાય છે. કેટલાક અપ્રગટ પણ હોય છે.

(૧૦) નાસ્તિકના નાસ્તિક ગણાતા કે પોતાને નાસ્તિકમાં નાસ્તિક માનતા આત્માને પણ ધર્મની આજ્ઞામાં, ધર્મ પ્રયુક્ત વ્યવસ્થાની આજ્ઞામાં રહેવું પડે છે.

દુઃખનાં દરિયામાં જ્યારે તે પોતે ડુબેલો હોય છે, ત્યારે તેમાંથી છોડાવનાર કોઈ પરોપરકારીની તે રાહ જોતો હોય છે. તેના દર્શનને તે ઝંખતો હોય છે. પરોપકારીની તેને પણ અપેક્ષા રહે છે. પરોપકારીની અપેક્ષા એ પણ આડકતરી રીતે ધર્મની અપેક્ષા છે.

ઓચ્છા કે વધતા અંશે ધર્મ વિના કોઈ પણ પ્રાણીને ચાલે નહીં. એટલી હદ સુધી ધર્મનો પ્રભાવ વિસ્તરેલો છે.

(૧૧) આજે નાસ્તિક બે જાતના જોવામાં આવે છે.

(૧) ધર્મને ન સમજવાથી અથવા બીજાના ભરમાવવાથી અથવા ધર્મ તરફ ઘૃણા કરવાની ભૂમિકાથી બહાર ન આવેલો હોય- તે જાતના નાસ્તિક હોય છે.

(૨) અને બીજા કૃત્રિમ નાસ્તિક હોય છે. જેઓ દુન્યવી સ્વાર્થો ખાતર બનાવટી નાસ્તિક બન્યા હોય છે. આ વર્ગથી ચેતતા રહેવા જેવું હોય છે. ખરી રીતે તો એ પણ ધર્મની અકૃપાપાત્રતાનું પરિણામ હોય છે. નહીંતર, એમ કરવાની શી જરૂર?

(૧૨) ધર્મો અને ધર્મસમ્રાટની સુવ્યવસ્થા પ્રાચીનકાળથી જગતમાં, ભારતમાં અને ભારતની બહાર પણ ન્યાયપૂર્વક ચાલી આવતી હતી, ને કેટલેક અંશે ચાલી આવે છે. આ સુવ્યવસ્થામાં કાંઈ ખામી ભરેલી રીત જણાય છે? જણાય તેમ નથી.

(૧૩) દરેક ધર્મના અનુયાયીઓ પોતપોતાના વતનમાં પોતપોતાના ધર્મનું હાર્દિક રીતે પાલન કરે, ધર્મના મૂળ ઉપદેશક- પ્રણેતા, તેના વફાદાર ધર્મગુરુઓ, અને તે બન્નેયની આજ્ઞાઓ, તથા પોતપોતાના ધર્મ શાસ્ત્ર અનુસાર, પોતપોતાના ધર્માચારનું તદ્દનુસાર ધર્મના અનુષ્ઠાનોનું પાલન કરી, તથા તે સર્વને વફાદાર રહી, તે સર્વ ઉત્તરોત્તર પોતાના સંતાનોને વારસામાં મળે તેવા પ્રયાસોમાં સાથ આપી, ધર્મના પ્રવાહને વારસામાં આગળ લંબાવવાના પ્રયાસો વફાદારી પૂર્વક કરતા રહે, બસ.

(૧૪) શ્રી ગાંધીજી પણ કહે છે કે, ''ધર્માન્તરની આધુનિક ઘેલછામાંથી હિન્દુઓના ધર્મ મુક્ત રહ્યા છે એ પણ મારે મન કિંમતી વસ્તુ છે.''

(અખંડ આનંદ પૃ. ૧૫ જૂન ૬૪)

લેખકનો આ અભિપ્રાય છતાં, ઇતિહાસ કાળમાં દરેક ધર્મે પોતપોતાના ધર્મનો પ્રચાર કર્યો છે એ હકીકત છે. એટલે કે સહજ પ્રચાર એ નિષેધ નથી. તેમણે જે અણગમો બતાવ્યો છે તે ''ધર્માન્તરની આધુનિક ઘેલછા'' તરફ. કેમ કે વિશ્વવત્સલ મહાસંત પુરુષોની સુવ્યવસ્થાને તે ઘેલછા છિન્ન-ભિન્ન કરી નાંખે છે, અને અસ્તવ્યસ્ત કરી નાંખે છે. તેનાં માઠા ફળો માનવજાતને ભોગવ્યા વિના છૂટકો જ થતો નથી. પછી તે ગમે તે કે ગમે તે રૂપમાં ભોગવાય તે વાત જુદી છે.

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**

# ખેડૂત સમસ્યાની આંટીઘૂંટી અને તેનું નિરાકરણ

ખેડૂતની પાયમાલી અને વિકટ હાલતનું વિહંગાવલોકન કરીએ તો આપણે બે દાયકાની વસ્તી-ગણતરી સંદર્ભ લેવો આવશ્યક છે. વર્ષ ૧૯૯૧ થી ૨૦૧૧ સુધી વીસ વર્ષમાં કુલ દોઢ કરોડ ખેડૂતોએ ખેતી છોડી. જોવા જઈએ તો ૨૦ વર્ષથી સતત પ્રતિદિન સરેરાશ ૨૦૦૦ ખેડૂતો કૃષિનો ત્યાગ કરી રહ્યા છે. પ્રાથમિક વસ્તીગણતરીના આંકડાઓ એમ કહે છે કે આમાંના ૮૬ ટકા ખેડૂતો ખેતમજૂર બની ગયા છે. જે ખેડૂત અને ખેત મજૂર છે તેમાંથી ૮૬ ટકા ખેડૂતો અને ૮૧ ટકા ખેતમજૂરો એવી રીતે દેવાં હેઠળ આવી ગયા છે કે તેઓ એ દેવું ચૂકવી શકે એની કોઈ સંભાવના નથી. આની સાથે જનીન રૂપાંતરિત બીજને કારણે ખેડૂતનો બિયારણ, જંતુનાશકો પરથી અને ખાતર પરથી અંકુશ છૂટી ગયો છે. એ અંકુશ કોર્પોરેટના હાથમાં જતો રહ્યો છે.

એક નાનકડા ઉદાહરણથી તે વાત ગળે ઊતરશે, આપણે નાબાર્ડની સ્થાપના કરી. તેનો હેતુ છે, ખેડૂતોને વાજબી દરે લોન સુલભ થાય. પણ મહારાષ્ટ્રમાં નાબાર્ડ દ્વારા અપાયેલ લોન ૫૩ ટકા મુંબઈ અને તેની આસપાસના લોકોને મળી. જે રાજ્યમાં ૫૫ ટકા લોકો ગામડાંમાં વસે છે, તે રાજ્યમાં ૫૩ ટકા ખેડૂતલક્ષી લોન મુંબઈગરાઓ લઈ ગયા. એટલે કે એગ્રીબિજનેસવાળા લઈ ગયા હતા અને ખેડૂત હાથ ઘસતો રહે છે.

છેલ્લાં વીસ વર્ષમાં ૩ લાખ, ૧૦ હજાર ખેડૂતોએ આત્મહત્યાનો માર્ગ અપનાવ્યો. હવેની સરકારે ૨૦૧૬-૧૭ થી ખેડૂતોની આત્મહત્યાના આંકડા એકઠા કરવાનું પણ બંધ કરી દીધું છે. આવા આંકડાઓ હવે બ્યૂરો ઓફ પુલીસ રિસર્ચના આંકડાઓમાં સમાવિષ્ટ કરી દીધા છે અને હવે પછી ખેડૂત આત્મહત્યાના આંકડા પ્રકાશિત કરશે કે નહીં તેની કોઈ ખાતરી નથી. સરકાર અસુવિધાજનક સમાચારોને છુપાવવા માગે છે એવી શંકા કરવી સ્વાભાવિક છે.

'પ્રધાનમંત્રી કિસાન વીમા યોજના' એક બહુ જ મોટું કૌભાંડ છે. આપણે એને તપાસીએ. મહારાષ્ટ્રમાં ખેડૂતોના વીમા કરાવવા માટે કેટલીક વીમા કંપનીઓને નક્કી કરવામાં આવી છે અને દરેક કંપનીને ૪ થી ૫ જિલ્લાઓનો હવાલો સોંપી દેવાયો છે. એ જિલ્લાઓમાં બીજી કોઈ કંપની પોતાની યોજના લાગુ ન કરે. પાછી શરત એવી છે કે જેને ખેતી માટે કરજ લેવું હોય તેણે નિયત કંપનીની વીમા પોલિસી લેવી ફરજિયાત છે. એક તો મોનોપોલી અને ઉપરથી ફરજીયાત - કંપનીઓને તો ઘી-કેળાં! ખેડૂતનો પાક નિષ્ફળ જાય તો તેને વીમામાંથી કેટલી રકમ મળે એની પણ ગણતરી સમજવા એક દાખલો લઈએ, મહારાષ્ટ્રના એક જિલ્લા પરભણી વિસ્તારના એક જ પાક સોયાબીનનો. પરભણી જિલ્લાના ૨૮,૦૦૦ ખેડૂતોએ સોયાબીનનો પાક વાવ્યો. એમણે વીમા માટે લોન લીધી એટલે એમણે ૮૦૦ રૂપિયા પ્રતિ એકરે વીમા કંપનીને ફરજિયાત આપવાના.

આ ઉપરાંત ૮ ટકા કેન્દ્ર સરકાર આપે અને ૮ ટકા રાજ્ય સરકાર આપે. આમ વીમાની કુલ રકમ રૂપે કંપનીએ ૧૯.૨ કરોડ ખેડૂત પાસેથી તથા, ૭૭-૭૭ કરોડ રાજ્ય અને કેન્દ્ર પાસેથી મળી કુલ ૧૭૩ કરોડ રૂપિયાનું પ્રીમિયમ મેળવ્યું. પાક નિષ્ફળ જતાં કંપનીએ ખેડૂતને વીમાની રકમ આપવી પડે પણ કંપનીએ દાવા અરજીની માહિતી ખેડૂતને આપી જ નહીં અને જેને માહિતી હોય એણે છેક મુંબઈ જઈને દાવો કરવો પડે. એમાં પણ કોઈ સમસ્યા આવે તો ફરિયાદ નિવારણની કોઈ વ્યવસ્થા પણ નહીં. તાલુકા સ્તરે કોઈ કાર્યાલય જ નહીં.

પરભણી જિલ્લાનો વિસ્તાર રિલાયંસની વીમા કંપની પાસે હતો. સોયાબીનનો પાક નિષ્ફળ જતાં વળતરની રકમ પ્રતિ ખેડૂત ૪૦ રૂપિયાથી માંડીને ૫૬૦ રૂપિયા ચૂકવી. એ પણ ખેડૂત પાસેથી પ્રતિહેક્ટરે ૮૦૦ રૂપિયા લઈને. અર્થાત્ કુલ ૩૦ કરોડ રૂપિયા ચૂકવ્યા. કંપનીએ પોતાની પાસેથી એક રૂપિયો સુદ્ધાં ચૂકવવો નથી પડ્યો. એને તો મળ્યા હતા ૧૭૩ કરોડ. એક જ જિલ્લાના એક જ સિઝનના એક જ પાકમાંથી કંપનીને ૧૪૩ કરોડનો નફો થયો! ૨૦૧૬માં વર્તમાન સરકારે ખેડૂતો માટે ઘડાયેલ ડ્રાફ્ટ મેન્યુઅલમાં સુધારો કર્યો. દુષ્કાળની જાહેરાત કરવાની સત્તા કેન્દ્ર પાસે જતી રહી. સેટેલાઈટની મદદથી માત્ર તાલુકા લેવલની જાણકારી મેળવી શકાય છે, ગ્રામ કે ખેતરના લેવલે નહીં. એને કારણે નાનાં-નાનાં ગામો ગણતરીમાંથી અદૃશ્ય થઈ ગયાં.

દેશમાં કુલ ૭૬૦ જિલ્લાઓ છે. એમાંથી આપણે માની લઈએ કે ૬૦૦ જિલ્લાઓમાં ખેતી થાય છે. તેમાંથી થયેલ કમાણીની ગણતરી માંડી જુઓ. આવી વીમા કંપનીઓમાં રિલાયંસ સાથે ઇફકોટોકિઓ એલઆઈસી પણ સામેલ છે.

આપણા દેશમાં ૧૯૬૦ થી ૧૯૮૦ દરમિયાન એક નારો હતો - આત્મ નિર્ભરતાનો - 'સેલ્ફ રિલાયંસ' નો. આજે પાછલાં ૨૫ વર્ષથી જાણે સેલ્ફ રિલાયંસને બદલે રિલાયંસ (ખાનગી કંપની) ભણી વળી ગયા છીએ.

સરકારની ઇચ્છા છે, ખેડૂતોની આવક બમણી કરવાની. ચાલો, એની સત્યતાને પણ તપાસીએ. છેલ્લા નેશનલ સેમ્પલ સર્વેનો અર્થાત્ ૨૦૧૩નો આંકડો કહે છે કે ખેડૂતની પરિવારદીઠ (માથાદીઠ નહીં) માસિક આવક છે રૂપિયા ૬૪૨૪/-. અર્થાત્ માથાદીઠ રૂ.૧૩૦૦/- થી પણ ઓછી. એના બમણા થશે તો

પણ કેટલી આવક થશે? આને કારણે ખેડૂત પાયમાલ થઈ રહ્યો છે.

આશાસ્પદ ઘટના એ છે કે પાછલાં ૧-૨ વર્ષથી ખેડૂત આંદોલનો થઈ રહ્યાં છે. સારું છે. કારણ કે જો ખેડૂત સંઘર્ષ ન કરે તો પછી હતાશામાં ઘેરાય. એનું પરિણામ આવે આત્મહત્યામાં. માટે સંઘર્ષનો માર્ગ બહેતર છે. એનો મતલબ એ નથી કે સમાજના અગત્યના આ અંગને છોડી દેવાય. એને બહોળા સમાજનો ટેકો મળે તો પરિણામ સારાં આવે, જલદી આવે અને ન્યાયપૂર્ણ આવે. આજની તાતી જરૂર એ છે કે સમાજના અને ખાસ કરીને શહેરોના મધ્યમ વર્ગના લોકો - શિક્ષકો, પ્રોફેસરો, ઇજનેરો, તબીબો, વકીલો જેવા લોકો એમની સમસ્યાને પોતીકી માનીને સાથ સહકાર આપે, એમની ચળવળોને બહોળા સમાજનો મંચ આપે. મધ્યમ વર્ગ આજે શું કરી રહ્યો છે? શા માટે એ ખેડૂતોની પડખે નથી?

હાલમાં જ નાસિકથી મુંબઈની કૂચમાં કુલ ૪૦,૦૦૦ ખેડૂતો જોડાયા તેની માહિતી ઉત્સાહપ્રેરક લાગશે. કૂચમાં જોડાયેલા ખેડૂતોને સરકારે શહેરી માઓવાદીનું લેબલ લગાડીને તેમને મળવાની પણ ના પાડી દીધી. કૂચમાં ખેડૂતો, આદિવાસી, મહિલા ખેડૂતોએ ૧૮૨ કિલોમીટરની કૂચ ૩૮-૪૦ ડિગ્રીના ધીકતા તાપમાં કરી. એ કૂચ ૧૧મી નવેમ્બરે મુંબઈના નાકે પહોંચી. રાતનો સમય હતો. ચાલી-ચાલીને થાકેલા લોકો આરામ કરવાના સમયે પહોંચ્યા. બીજે દિવસે મુંબઈમાં શાળાના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાઓ હતી. એ ખેડૂતોએ રાત્રે મસલત કરી મુંબઈના વિદ્યાર્થી સમુદાયને કોઈ અડચણ ન પડે તે માટે આરામની પરવા કર્યા વિના, લોહી નીંગળતા પગે (૮૦ ટકા લોકો પાસે તો પગરખાં પણ ન હતાં) રાતોરાત મુંબઈના આઝાદ મેદાનમાં પહોંચ્યા. ખેડૂતોની આ સંવેદનશીલતા અને છતાં મક્કમતા જોઈને મધ્યમ વર્ગના લોકો પણ એમની સાથે જોડાયા. જે સરકાર આંદોલનકારીઓને માઓવાદી કહીને મળવાની ન હતી, તેણે જોયું કે સંખ્યા ૪૦,૦૦૦ હતી તેમાં શહેરના મધ્યમવર્ગના ૧૦,૦૦૦ લોકો ઉમેરાતાં ૫૦,૦૦૦ની થઈ ગઈ. સરકાર તેમને આઝાદ મેદાનમાં જઈને મળી અને આંદોલનકારીઓની ૮૦ ટકા માગ મંજૂર પણ કરી. જ્યારે આંદોલનમાં સામેલ આદિવાસી મહિલા ખેડૂત રુકમાબાઈને પૂછવામાં આવ્યું કે થાકેલાં છો, શા માટે રાત્રિ કૂચ કરો છો? એનો જવાબ હતો - 'હમારે બચ્ચે ભી એક્ઝામ લિખતે હૈં.'

ખેડૂતોની એક જ ફરિયાદ છે કે સરકાર જીએસટી માટે અર્ધી રાત્રે સંસદનું વિશેષ સત્ર બોલાવી શકે છે તો ૨૦૦૬ થી ૨૦૧૪ દરમિયાન મુકાયેલા સ્વામીનાથન રિપોર્ટ પર એક કલાક પણ ચર્ચા કેમ નથી કરતી?

છેલ્લે એટલું જ કહેવાની જરૂર છે કે રાષ્ટ્રીય કિસાન મિશનના પાંચ રિપોર્ટની ચર્ચા કરવા માટે ત્રણ અઠવાડિયાંનું સળંગ સત્ર રાખવામાં આવે. આ સત્રમાં કૃષિને લગતી બાબતો, સમસ્યાઓની ચર્ચા કરવામાં આવે. ત્રણ દિવસ કૃષિની સમસ્યા માટે, બીજા ત્રણ દિવસ સ્વામીનાથન રિપોર્ટ માટે, પછીના ત્રણ દિવસ પાણીના સંકટ માટે કારણ કે પાણી જેવા પ્રાકૃતિક સંસાધનનું પણ ખાનગીકરણ થઈ રહ્યું છે. અન્ય દિવસો મહિલા, આદિવાસી, દલિત ખેડૂતના અધિકારો ત્યાર બાદના ત્રણ દિવસ દેવાંની આપદા માટે, લઘુતમ ટેકાના ભાવો તેમજ ખેડૂત દેવાંમાફીના પ્રશ્નો અને કાયદાઓ પસાર કરવા માટે. આ સત્રમાં આવનારા ભવિષ્યની ૨૦ વર્ષ પછીની ખેતી કેવી હશે તેનો વિચાર કરવા માટેનો ચર્ચા સત્ર - શું એ કોર્પોરેટ પ્રકારની હશે કે કમ્યુનિટી સંચાલિત હશે? આમ એક સમગ્ર સત્ર, માત્ર ખેડૂતોને કેન્દ્રમાં રાખી તલસ્પર્શી ચર્ચા કરવામાં આવે એવું ગોઠવાવું જોઈએ.

આ બાબતની વધુ માહિતી માટે ઓલ ઇન્ડિયા કિસાન કોઓર્ડિનેશન કમિટી, મધ્યમ વર્ગને ખેડૂતોની સાથે જોડતી નેશન ફોર ફાર્મર્સ, અને જેમને ખેડૂતોની સમસ્યાઓ વિષે કોઈ જાણ જ નથી એમના માટે સોલિડારિટી વિથ ફાર્મર્સ નામની સંસ્થાઓ કામ કરી રહી છે. વેબસાઈટ પર જઈને આપણો પોતાનો ટેકો આપી શકાય છે.

**- પી. સાંઈનાથ**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧-૦૩-૨૦૧૯)**

---

## વિનિયોગ સમાચારના વાચકોને વિનમ્ર વિનંતી

વિનિયોગ સમાચાર ૧૫ વર્ષથી પ્રકાશિત થઇ રહ્યું છે અને આપને નિયમિત મોકલાય છે. વર્તમાનમાં વિનિયોગ સમાચારનું મેઇલિંગ લિસ્ટ લગભગ ૭ હજાર જેટલું છે. જો કોઈ કારણસર વિનિયોગ સમાચાર આપને મળતું હોય પણ આપ વાંચી શકતા ન હો અથવા આપને વિનિયોગ સમાચારમાં રસ ન હોય તો આપને એ ન મોકલવા માટે અમને જાણ કરશો તો આપના આભારી રહીશું.

એક પોસ્ટકાર્ડ દ્વારા નામ અને એડ્રેસ લખી અમને જાણ કરશો. આપ અમને ફોન અથવા Email પણ કરી શકશો. ફોન અથવા Email કરતી વેળા આપનું નામ અને સરનામું જણાવશો.

**વિનિયોગ પરિવાર ટ્રસ્ટ**
બી/૨, ૧૦૪ વૈભવ, જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૯૨
સંપર્ક : શ્રી દિનેશભાઈ મહેતા
ફોન: 28991781, 28980749
Email : vinyogparivar@gmail.com

# ચારાના ઉત્પાદનને અન્ન ઉત્પાદન જેટલું જ મહત્ત્વ આપવાની જરૂર

સૌરાષ્ટ્ર અને કચ્છના માલધારીઓ પોતાના પશુઓને લઈને હિજરત કરી રહ્યા છે. પશુઓને સ્થળાંતર કરવા કોઈ વાહન મળતા નથી. તેમણે તો પગે ચાલીને સ્થળાંતર કરવાનું હોય છે. તેમની સાથે માલધારીઓ મોટી મોટી ડાંગ લઈને પોત પોતાના રાચરચીલા સાથે હારબંધ જતાં આપણને જોવા મળે છે. સાંજ પડે કોઈ ગામના પાદરે મેદાનમાં પડાવ નાખે છે. તેમના બૈરાં જે ખાટલી અને ગાભા ગોદડા લઈને સાથે હોય છે, તે ખાટલી ઢાળીને માલધારીના મુખિયા બેસે છે. બૈરાં સૂકા સાઠીકડા અને રાડા ભેગા કરી બે મોટા પથરાનો ચૂલો બનાવી તેને પેટાવે છે અને તેના પર તાવડી બનાવી બાજરાનો રોટલો ઘડે છે. પશુઓ આજુબાજુ જે ઘાસ કે વનસ્પતિ ઉગેલ હોય છે તેને આરોગે છે. આમ આ કાફલો પોતાનું વતન છોડી પોતાનું પશુધન બચાવવા જ્યાં વરસાદ થયો હોય અને ઘાસ ઉગેલ હોય તેવા દક્ષિણ ગુજરાતના પ્રદેશોમાં પહોંચે છે. તેમને ફરિયાદો કરવાનો કે સૂત્રો પોકારવાનો સમય નથી હોતો. તેમને કોઈનો દોષ દેખાતો નથી. ચોમાસુ નિષ્ફળ જવાથી કુદરત રૂઠી છે તેમ તેઓ માને છે.

લોકો અને લોકનેતાઓ તેમજ રાજકીય પક્ષો ખાદ્યપદાર્થોના ભાવના ફુગાવા સામે આક્રોશ વ્યક્ત કરી આંદોલનો કરતાં હોય છે અને હોબાળા ધરાવતા હોય છે. ધારાગૃહોની કાર્યવાહી થંભાવી દેતા હોય છે પરંતુ પશુઓના ચારાની સર્જાયેલી કારમી અછત અને ભાવવધારા વિશે કોઈ હરફ ઉચ્ચારતું નથી.

આજથી દશ-બાર વર્ષ પહેલા જે ચારાનો ભાવ ૧૦૦ કિલોગ્રામના ૫૦ રૂપિયા હતા તેનો એક દોઢ વર્ષ પહેલાનો ભાવ ૧૦૦ કિલોગ્રામના ૮૦૦ રૂપિયા હતો. ઘાસચારા ઉપરાંત પશુઓનો ખોરાક ખેતપેદાશો પરથી ધાન્ય લણી લીધા પછી તેના છોડની નીપજો તેવા સાંઠા, પાંદડા વગેરે રૂપે મળે છે તેમ પણ બને છે. રાજસ્થાનમાં ઘઉં અને બાજરાના સાંઠાનો ભાવ એક કિલોગ્રામના ૫ થી ૬ રૂપિયા લણણી વખતે હોય છે. ગુજરાતમાં તે ભાવ ૪થી ૫ રૂપિયા હોય છે. મહારાષ્ટ્રમાં તે સાડાચારથી સાડાપાંચ રૂપિયા હોય છે. આ ભાવ વધારાના લાંબાગાળાના અને ટૂંકાગાળાના કારણો શું હોઈ શકે ?

માનવવસ્તીમાં વધારો થતાં વસાહતોનો વધારો, તેના કારણે કૃષિની જમીનના વિસ્તારમાં ઘટાડો, બાંધકામ, ઔદ્યોગિકરણ, ખાણ ઉદ્યોગોનો વિસ્તાર, જંગલોનો હ્રાસ, ભૂગર્ભ જળની સપાટીનું નીચે ઉતરવું, આધુનિક કાપણી યંત્રોનો ઉપયોગ, નવી આર્થિક નીતિ વગેરે પરિબળોએ ચારાની સમસ્યા વિકટ બનાવી છે. અનાજના પાકોમાંથી મળતાં સાંઠા વગેરે ચારા માટે અપૂરતા પડે છે. મોટાભાગના ચરિયાણમાં ઘાસ ઊંચે સુધી પહોંચે તે પહેલા ખવાય જાય છે. કચ્છના બન્ની વિસ્તારમાં ઘોડેસ્વાર દેખાય નહીં એટલા ઊંચા ઘાસ ઉગતા હતા તે આજે ઉગતા નથી. આજે ત્યાંના પશુપાલકો ચારો ખરીદે છે. આવી પરિસ્થિતિમાં ચોમાસુ નિષ્ફળ જાય, પાણીની અછત સર્જાય, ચરિયાણમાં ઘાસ ઉગે નહીં, ખેતી નિષ્ફળ જતાં તે નકામી નીપજો પશુઓને મળે નહીં, ત્યારે આટલી મોટી સંખ્યામાં પશુઓના પેટ કેમ ભરવા ? જેમને પોતાના સંતાનોની જેમ પાળ્યા હોય અને જેના થકી પોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ થતું હોય તેમને બચાવવા શું કરવું તેવો પ્રશ્ન દરેક માલધારીને થવા લાગે છે.

ભૂગર્ભ જળની સપાટી ૧૫૦ મીટર નીચે ગઈ છે. પાકની નીપજ જેટલી થતી હતી તેટલી થતી નથી, તો ચારો આવે ક્યાંથી ? વળી પાણીની અછતના કારણે આપણે લીલો ચારો ઉગાડી શકતા નથી. વરસાદના અભાવે કુદરતી રીતે ઉગતો લીલો ચારો પણ પુરતો ઉગતો નથી. બીજી બાજુથી બિયારણની કિંમત ઘણી ઊંચી ગઈ છે. એક કિલોગ્રામ રજકાના બીજનો ભાવ ૩૦૦ રૂપિયાથી પણ વધારે છે. હવે એક એકરમાં ૩૦ કિલોગ્રામ બીયારણ જોઈતું હોય તો વાવણીનો ખર્ચ શું થાય તે ગણવું અઘરૂં નથી.

બીજી બાજુ પંજાબ અને હરિયાણામાં ઘાસમાં વધારાનું કારણ ટેકનોલોજી છે. વધારે અને વધારે ખેડૂતો લણવા માટે યંત્રોનો ઉપયોગ કરી રહ્યા છે. આ યંત્રો ઘઉંના છોડના ડૂંડાવાળા ભાગને કાપી લે છે અને સાંઠાને એમને એમ ઊભો રહેવા દે છે. હવે જો ચારા માટે સાંઠા મેળવવા હોય તો લણવાના યંત્ર ભાડે આપનારાને ફરીથી કાપણી કરવા કહેવું જોઈએ. તે ૧૦૦ કિલોગ્રામની કાપણી કરવાના ૧૦૦ રૂપિયા લે છે તેમ છતાં સાંઠાનો કેટલોક નીચલો ભાગ ખેતરમાં ઊભો રહે છે તેને બાળી નાખવો પડે છે.

૨૦૦૭ના નાબાર્ડના અભ્યાસ પ્રમાણે ચારાની માગ અને પૂરવઠા વચ્ચે ૩૬થી ૫૭ ટકાની ઘટ છે. ઈ.સ. ૨૦૧૦માં ચારાની માગ ૧૦૬ કરોડ ટન દશમી પંચવર્ષીય યોજનાના અહેવાલમાં જણાવવામાં આવેલ હતી.

વળી ચિંતાની વાત એ છે કે કેટલાક ખેડૂતો જેમાંથી ચારો મળી રહે તેવા જાડા અનાજના પાકોથી રોકડિયા પાકો તરફ વળી રહ્યા છે.

વધુમાં મકાઈ અને શેરડી જેવા પાકોનો ઉપયોગ બાયોડીઝલ બનાવવા ભલામણ થઈ રહી છે. અધુરામાં પુરૂં અનાજના પાકના અવશિષ્ટો (રાડાં, સાંઠા વગેરે) અને ઘાસનો ઉપયોગ કરી બાયોડીઝલ બનાવવા માટેની ટેકનોલોજી વિકસાવવામાં આવી રહી છે. માનવી પોતાની સુખસુવિધા માટે પશુઓની જરૂરિયાત અવગણે એ કેટલું યોગ્ય છે ?

એવું લાગે છે કે ભૂગર્ભ જળની સપાટીનું નીચે ઉતરવું, આધુનિક કાપણી યંત્રોનો ઉપયોગ અને ભારત સરકારની નવી આર્થિક નીતિ ચારાના ઉત્પાદનને ઓછું અને ઓછું કરી રહી છે.

પશુધનનો ચારો ત્રણ પ્રકારનો હોય છે. લીલો ચારો, સૂકો ચારો અને ખોળ તેમજ દાણ. આ ત્રણેનું ઉત્પાદન અમસ્તું પણ અપૂરતું છે. ઉનાળાના દિવસોમાં પશુપાલકો પોતાના ઢોરઢાંખરને લઈને ઉત્તર પ્રદેશના જંગલોમાં ચરવા માટે લઈ જતા હોય છે.

પહેલાના વખતમાં જંગલોમાં અને ટેકરીઓ પર પૂરતું ઘાસ ઉગેલું રહેતું હતું. પરંતુ હવે તેમાં પણ ઘટ આવી છે. તજજ્ઞોના મતે ૬૦ ટકા પશુધન એટલે કે ૨૭ કરોડ પાલતું પશુઓ જંગલમાં ચરે છે. જંગલોમાં પશુ નિભાવ આંક મુજબ તેમની ૩ કરોડ પશુઓના નિભાવની ક્ષમતા છે. ઉપરોક્ત પશુધનનો આંકડો તેના કરતા નવ ગણો છે.

ગુજરાતના કચ્છમાં બન્નીની ઘાસના મેદાનની જમીન મોટા રણની એક બાજુ આવેલી છે. કચ્છના મહારાજે આ જમીનને ચરિયાણ-ગોચર માટે અલાયદી રાખવાનો હુકમ કર્યો હતો. તેમાં ખેતીવાડી કરવાની મનાઈ હતી. કારણ કે તેમાં ઉત્તમ પ્રકારનું ઘાસ ઉગતું હતું. ઘોડેસ્વાર પણ દેખાય નહીં તેટલું ઉંચું ઘાસ ઉગતું હતું. પરંતુ ગાંડાબાવળના વૃક્ષો એટલા બધા ઊગી નીકળ્યા છે કે હવે ત્યાં કાંઈ ઉગતું નથી. હવે ત્યાંના લોકોને ચારો બહારથી ખરીદવો પડે છે.

ગુજરાત સરકારના ધોરણો પ્રમાણે એક સો પાલતું પશુઓ માટે ૧૬ હેક્ટર ચરિયાણની જમીન જોઈએ અને તેમાં પણ ૯ હેક્ટર જંગલના વિસ્તારમાં જોઈએ.

તજજ્ઞોના તારણ પ્રમાણે સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ દર ત્રીજા વર્ષે દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસા સારા જતાં હતા તેથી લોકો અછતના દિવસો ભૂલી ગયા હતા. આ પરિસ્થિતિમાં લોકો માટે અનાજનો પ્રશ્ન બહુ વિકટ બનતો નથી કારણકે ભારતના ગોદામો અનાજથી ઉભરાય તેટલું અનાજ પાકે છે. પરંતુ આ પરિસ્થિતિમાં ઘાસચારાની અને પીવાના પાણીની સમસ્યા વિકટ બને તે સ્વાભાવિક છે.

ઘાસ ઉગાડવા માટે કોઈ જમીન ખેડવી પડતી નથી. કોઈ ખાતરો નાખવા પડતા નથી કે વરસાદ ખેતીની જેમ સમયસર અને સપ્રમાણ આવે તે જરૂરી નથી. થોડોઘણો તો વરસાદ થાય છે. તેમાં પશુઓ માટે પૂરતું ઘાસ ઉગી શકે નહીં. તેમ કેમ તે સમજવા આપણે સૌરાષ્ટ્ર-કચ્છની કુદરતી પરિસ્થિતિની (ઇકોલોજી)નો વિચાર કરવો જોઈએ.

સૌરાષ્ટ્રની જમીનમાં પોષક તત્ત્વો તો છે પરંતુ ખેતરો અને વાડીઓ સિવાયની જમીન પાણી સંગ્રહ કરી શકે તેવી નથી. જમીનમાં સામાન્યતઃ ચીકણી માટી, કાંપ, મોરમ અને રેતીનું મુખ્યત્વે મિશ્રણ હોય છે. જો માટી અને કાંપનું મુખ્યત્વે મિશ્રણ હોય તો તે જમીન તેના પર પડતાં વરસાદના પાણીને સાચવી રાખે છે. પરંતુ અહીં મોટાભાગની જમીનમાં મોરમ અને રેતીનું પ્રમાણ વધારે છે. તેમાં કણો એટલા મોટા હોય છે કે તેમના પર પડતા પાણીને સાચવી શકતા નથી. પરિણામે પાણી નીચે ઉતરી જાય કે જેથી ઉંડે સુધી જેના મૂળ પહોંચતા નથી તેવી વનસ્પતિ ટકી શકતી નથી. આથી ઘાસને વરસાદના દિવસો સિવાય પાણી મળતું નથી. આપણે ત્યાં વરસાદ જૂન માસના પાછલા ભાગમાં શરૂ થાય છે અને સપ્ટેમ્બર માસના અંત સુધી આવે છે. પરિણામે જમીનમાં ભીનાશ જુલાઈથી ઓક્ટોબર દરમ્યાન રહે છે. આ મહિનાઓ દરમ્યાન જ ઘાસની હરિયાળી જોવા મળે છે. ઘાસ ઉંચા આવે તે પહેલાં તો ઘાસ સૂકાવા લાગે છે.

સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની વાર્ષિક સરેરાશ ૩૦ સેન્ટીમીટરથી ૫૦ સેન્ટીમીટર ગણી શકાય. તે પણ દર ચાર વર્ષે ધોધમાર આવે છે અને બાકીના વર્ષોમાં સાધારણ વરસાદ આવે છે. છેલ્લા થોડા વર્ષો અપવાદરૂપ હોય તેમ લાગે છે. જે વર્ષોમાં સરેરાશ સાધારણ હોય ત્યારે પણ મોટા ભાગનો વરસાદ થોડા દિવસો કે કલાકો આવે છે. તે આવે છે ત્યારે વળી ધોધમાર આવે છે. ઘણા વિસ્તારોમાં પવનની ઝડપ ઘણી હોય છે. પરિણામે એક બાજુ ધોધમાર વરસાદ અને બીજી બાજુ ઝડપી પવનના કારણે જમીન પરની ફળદ્રુપ માટી, જમીનમાં પડેલા ઘાસના બીજ, અને મૂળતંત્ર તણાય જાય છે. જમીનનું વેરાનપણું વધતું જાય છે. એક બાજુથી પાણીની અછત અને બીજી બાજુથી ફળદ્રુપતાનો થતો હ્રાસ, ઉંચા ઉંચા ઘાસને લહેરાવતી સીમને એક સ્વપ્ન બનાવી દે છે.

જમીનના નિશ્ચિત ટુકડા પર નભી શકે તેટલા પશુઓની સંખ્યા પણ નિશ્ચિત હોય છે. આ સંખ્યાને પશુ નિભાવ ક્ષમતા કહે છે. આ ક્ષમતા કરતાં સૌરાષ્ટ્ર-કચ્છમાં પશુઓની સંખ્યા વધારે છે. દેખીતી રીતે જ ઘાસચારાની તેમની માગને પહોંચી વળે તેવો ઘાસચારો અપૂરતો ઉત્પન્ન થાય છે. પરિણામે પહેલો વરસાદ થાય પછી જેવું ઘાસ ઉગવા લાગે કે તુરત જ તે ખવાઈ જાય છે. તે ઉંચુ આવવા દેતા જ નથી. બીજા વરસાદ પછી પણ તેવું જ થાય છે. પરિણામે ઘાસ તેની પૂરેપૂરી ઉંચાઈ પ્રાપ્ત કરતું નથી. આથી જમીનનો નિશ્ચિત ટુકડો જેટલું ઘાસ આપી શકે તેમ હોય તેટલું ઘાસ ઉગાડવાની તેને તેટલી તક રહેતી નથી. વળી ઘાસ ઉંચુ જ ન આવતું હોય અને પશુઓમાં ઘાસ ખાવાની સ્પર્ધા થાય તો તે ઘાસને છેક મૂળ સુધી ખાઈ જાય છે. પરિણામે જમીનમાંનું મૂળતંત્ર જ નાશ પામે છે. આમ ઘાસની ઉપજ પણ ઉત્તરોત્તર ઘટતી જાય છે.

ચારાના ઉત્પાદન માટે અલાયદી જે જમીન છે, તે ખેતીલાયક જમીનના ૪.૭ ટકા છે. સ્વતંત્રતા મળી ત્યારથી આ આંકડો અચલ છે. ઈ.સ.૨૦૨૧ સુધીમાં ચારાની માગ ૧૮ કરોડ ટન પહોંચશે તેમ ધારવામાં આવે છે. દર વર્ષે ચારાનું ઉત્પાદન પચાસ લાખ ટન વધારવું જોઈએ અને તે માટે ૧૫ વર્ષમાં ચારાના ઉત્પાદન નીચેની જમીન ૧૫ ટકા વધારવી જોઈએ. ઝાંસી સ્થિત ઇન્ડિયન ગ્રાસલેન્ડ એન્ડ ફોડર ઇન્સ્ટિટ્યુટના અંદાજ પ્રમાણે ઈ.સ.૨૦૨૦ સુધીમાં ૮૫ કરોડ ટન લીલો ચારો, બાવન કરોડ ટન સૂકોચારો અને નવ કરોડ ટન ખોળ અને દાણ જોઈશે.

મોટો પ્રશ્ન એ છે કે ઘાસચારો ઉગાડવા માટે વધારે જમીન ક્યાંથી મેળવવી? ચારાની માગ એટલી બધી રહી છે કે તેની નીપજ ઘણી વધે તે માટે નવી ટેકનોલોજી વિકસાવવાની જરૂર છે. આજે ચારાને મોટે ભાગે અનાજના પાકોની આડપેદાશ ગણવામાં આવે છે પરંતુ ચારાની માગના વધારાની એવી જરૂર છે કે પશુઓના ખોરાકને ખેતીવાડીની સમકક્ષ ગણવામાં આવે.

**- ડૉ. વિહારી છાયા (ડિસ્કવરી)**

**(સાભાર : ગુજરાત સમાચાર, તા.૨૮-૦૩-૨૦૧૯, ગુરુવાર, શતદલ પૂર્તિ)**

# દૂધ

**❑ ફાર્મસી ઉદ્યોગોને કમાણી કરવામાં રસ છે**

આધુનિક વિજ્ઞાન અને આધુનિક જીવન જીવવાના ઓરતાના કારણે ટીબી, કૅન્સર, કિડની જેવાં દરદોની સદંતર નાબૂદી અશક્ય બની છે. છતાં આપણા દેશ પૂરતાં આપણે બુદ્ધિપૂર્વકનાં વહેવારુ પગલાં લઈને એ રોગોને અંકુશમાં રાખી શકીએ ખરા, પણ આપણી મોટી મુશ્કેલી એ છે કે આપણા રાજકર્તાઓને રોગો પેદા થતા અટકાવવામાં રસ નથી. એમને તો રોગો વધારવામાં અને પછી રોગોની સારવારને નામે ફાર્મસી ઉદ્યોગોને લોકોનું શોષણ કરવા દેવામાં જ રસ છે.

હજી સુધી કેન્દ્રના કે એક પણ રાજ્યના કોઈ જ આરોગ્યપ્રધાને લોકોનું આરોગ્ય સુધારવાનાં પગલાં લીધાં નથી. તેમણે દવાઓનું ઉત્પાદન વધારવામાં અને ફાર્મસી ઉદ્યોગમાં વધુ ને વધુ મૂડી રોકવામાં અને રોકવા દેવામાં ગૌરવ અનુભવ્યું છે. આરોગ્ય સુધારવું અને રોગ મટાડવો એ બન્ને એકબીજાથી ભિન્ન કાર્યો છે, તેનું એમને ભાન પણ હશે કે કેમ ? તે એક સવાલ છે.

**❑ ક્ષયનો ઉદ્‌ભવ અટકાવો**

ટીબીનો ઉદ્‌ભવ અટકાવવાના પ્રયાસ હજી થતા જ નથી. ટીબી ફેલાય છે, પછી ટીબીની ક્લિનિકોનો ફેલાવો થાય છે. જે પ્રદેશો ટીબીના રોગો સામે રક્ષણ આપે એવી આબોહવાવાળા હતા ત્યાં પણ ટીબીએ પોતાનો પંજો ફેલાવ્યો છે. રાજસ્થાન અને સૌરાષ્ટ્ર જેવા સૂકી અને તંદુરસ્ત આબોહવાવાળા પ્રદેશોમાં પણ ટીબી અને ટીબીની સારવારનાં કેન્દ્રો વધતાં જાય છે.

સાઠ લાખની વસતિ ધરાવતા મુંબઈ શહેરમાં સર્વોદય નામની ટીબીની ખાસ હૉસ્પિટલ છે. બીજી પણ નાનીમોટી હૉસ્પિટલો મ્યુનિસિપાલિટી દ્વારા ચાલે છે.

શેઠ હીરાલાલ ભોગીલાલ શાહ નામના એક સખી ગૃહસ્થ 'ભારત આરોગ્ય નિધિ' નામની સંસ્થા ચલાવે છે. તેમની એક મોટરવાન ઍક્સ-રેનાં અને બીજાં સાધનો લઈને લોકોની સારવાર માટે શહેરમાં ફરતી જ રહે છે અને લોકોને મફત સારવાર તેમ જ બનતી સહાય આપે છે. એ સંસ્થાને ચોપડે ટીબીના બે લાખ દરદીઓ નોંધાયેલા છે. ખાનગી દવાખાનાંમાં જેઓ સારવાર લેતા હશે એ સંખ્યા તો વળી જુદી. હું ન ભૂલતો હોઉં તો મુંબઈ કૉર્પોરેશન, મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્ર સરકાર મળી આ સંસ્થાને વરસે દશ લાખની સહાય આપે છે અને 'યુનો'ની કેર સંસ્થા ટીબીના દરદીઓને અને નાનાં બાળકો માટે દૂધનો પાઉડર પણ ભેટ આપે છે.

**❑ આપણે દૂધના પાઉડરની યોજના કરવી પડે ?**

આ એક શરમજનક બાબત છે કે પોતાને વિશ્વનો મોટો ખેતીવાડીનો પ્રદેશ ગણાવતા ભારત દેશને પોતાના માંદા માણસો માટે પણ ઉદ્યોગપ્રધાન દેશો પાસે દૂધના પાઉડરની યાચના કરવી પડે છે. પરદેશનો આ પાઉડર પોતાની સાથે અલ્સર-કૅન્સરનાં દરદો નહિ લાવતો હોય એની શી ખાતરી ? આપણી પ્રજાને એની જરા પણ જાણકારી નહિ હોય કે આપણી હિત ધરાવતી વ્યક્તિઓ અને સંસ્થાઓ જે પરદેશી ગાયોનાં મોંફાટ વખાણ કરતા કદી થાકતી નથી તે ગાયોમાં ટીબી, કૅન્સર વગેરે દરદો વ્યાપક પ્રમાણમાં ફેલાયેલાં હોય છે.

એ દરદોના જંતુઓ તેમના શરીરમાંથી તેમના દૂધના પાઉડરમાં અને એ પાઉડર દ્વારા આપણા શરીરોમાં પ્રવેશે છે અને વિશ્વના ફાર્મસી ઉદ્યોગોને આપણું શોષણ કરવાની અને છતાં આપણા તારણહાર હોવાનો દેખાવ કરવાની તક પૂરી પાડે છે.

**❑ રોગના પ્રતિકારની શક્તિ ઘટી છે**

મુંબઈ જેવા શહેરમાં જ્યાં પ્રદૂષણનો અતિરેક, ગંદકીનો અતિરેક, ઝૂંપડપટ્ટીઓનો વિશાળ વિસ્તાર અને ચેપ સહેલાઈથી લાગી જાય એવા સંજોગોમાં ટીબી ફેલાય એ સમજી શકાય તેવું છે, પણ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને રાજસ્થાન જેવા શ્રેષ્ઠ અને સૂકી આબોહવાવાળા પ્રદેશોમાં ટીબી ફેલાય એ વાત સાબિત કરે છે કે રોગોનો પ્રતિકાર કરવાની મનુષ્યોની અને પશુઓની પણ શક્તિ ક્ષીણ થઈ ગઈ છે. પશુઉછેરની અને જીવન જીવવાની આપણી પ્રાચીન રીતોને ફગાવી દઈને આધુનિકતાના સાણસામાં સપડાઈને રોગો સામે આપણે તદ્દન અરક્ષિત બની ગયા છીએ.

**❑ પરદેશીઓ કરોડો કમાય છે**

રોગોના પ્રતિકારની ઉચ્ચ ભાવનાવાળા શ્રેષ્ઠ પ્રયત્નો ઊંધે ચીલે ચડી ગયા છે, જે દરદોને અટકાવતા નથી, મટાડતા પણ નથી, પણ રોગોની સામે શહીદીને વરે છે.

ગઢના દરવાજા બંધ રાખી, દુશ્મનને બહાર અટકાવવાને બદલે દરવાજા ખુલ્લા રાખી દુશ્મનને શહેરની શેરીએ શેરીએ કબજો જમાવવા દઈ પછી તેમની સામે કેસરિયા કરી શહીદ થવું, તેના જેવા આપણા રોગો સામેના પ્રયત્નો છે. આપણે રોગો અટકાવવાનાં પગલાં લેવાને બદલે રોગો ઝડપથી ફેલાય તેવા સંજોગો ઊભા કરીએ છીએ અને રોગો ફેલાયા પછી તેમાંથી મુક્ત થવાના પ્રયત્નો કરી શહીદ બનીએ છીએ. આપણી આ અણઆવડત પરદેશીઓને કરોડોની કમાણી કરી આપે છે.

**❑ આઘાતજનક સંખ્યા**

દેશમાં ૧૯૭૪ની ગણતરી મુજબ ટીબીથી પીડાતા ૮૦ લાખ મનુષ્યો શહેરો અને ગામડાંમાં સમાન રીતે વહેંચાઈ ગયેલા છે. પરદેશી સંસ્થાઓની ગણતરી મુજબ વિશ્વમાં બે કરોડ મનુષ્યો ટીબીથી પીડાય છે, જેમાંના પોણા ભાગના દરદી ભારતમાં છે.

આપણા દેશની કુલ મરણસંખ્યાના ૬.૨૧ ટકા લોકો ટીબીનો ભોગ બનીને મૃત્યુ પામે છે. Dr. N. K. Khanna M.B.B.S., M.Sc. M.D.; પ્રોફેસર અને હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસોલોજી, અને Dr. M. F. Dadhiah. M. B. B. S.,

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2019
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

M.D.; લેક્ચરર ઇન ફાર્મસી ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસોલોજી એન્ડ મેડિકલ કૉલેજ, જોધપુર.

ટીબીની આ વિશાળ સંખ્યાની સારવાર માટે દેશમાં ૫૪૭ ટીબી ક્લિનિક્સ અને ૨૮૪ ડિસ્ટ્રિક્ટ ટીબી સેન્ટરો છે. જેમાંથી હજી ૩૪ સેન્ટરોમાં પૂરાં સાધનો નથી. બધાં કેન્દ્રોમાં થઈને બિછાનાંની કુલ સંખ્યા ૩૯,૫૦૪ની છે, જે દરદીઓની લાખોની સંખ્યા જોતાં અતિશય કંગાળ છે.

જુદાં જુદાં કેન્દ્રોમાંથી મળતા રિપોર્ટ મુજબ (જે ઘણી વખત અધૂરા હોય છે) દર ત્રણ મહિને બે લાખ મનુષ્યોને ટીબીના નવા દરદી તરીકે જાહેર કરાય છે અને આ ડિસ્ટ્રક્ટ સેન્ટરોમાં પાંચ લાખ ટીબીના દરદીઓને રોજ સારવાર અપાતી હોય છે.

આ સેન્ટરો સિવાય બીજી સંસ્થાઓ દ્વારા અપાતી સહાયતાની ગણતરી કરીને એક એવી માન્યતા છે કે દેશમાં કોઈ પણ સમયે પંદર લાખ દરદીઓ ટીબીની સારવાર લેતા હોય છે.

**❑ વાર્ષિક ૧૮ કરોડનો ખર્ચ**

આ બધી સારવારનો અને રોગનું નિદાન કરવા માટે એક્સ-રે અને લૅબોરેટરીમાં કરવી પડતી બીજી ક્રિયાઓનો ખર્ચ કેટલો આવતો હશે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે, પણ જે ૩૯,૫૦૪ બિછાનાં ટીબી સેન્ટરની હૉસ્પિટલોમાં છે તેનો રોજનો સરેરાશ ખર્ચ સાડા બાર રૂપિયાના અંદાજે વરસે ૧૮ કરોડથીય વધુ થાય છે.

આવડા જંગી ખર્ચ પછી તેમાંથી કેટલા દરદી બચે છે એ એક જુદો જ સવાલ છે.

એવો દાવો વારંવાર કરવામાં આવે છે કે અમુક દવાથી હવે ટીબી મટી શકે છે, પણ એ દાવાઓમાં ખાસ તથ્ય નથી. મોટે ભાગે ટીબી પહેલા સ્ટેજમાં હોય ત્યારે પરખાતો નથી. બીજા સ્ટેજમાં ગયા પછી અસાધ્ય બને છે. કોઈક નસીબદારને પહેલા સ્ટેજમાં હોય ત્યારે પરખાઈ જાય છે તો દવાથી કાબૂમાં આવે છે, પણ દવા બંધ કર્યા પછી અપોષણને અંગે કે વ્યસનોને અંગે કે ગરીબી અને માનસિક તાણને અંગે ફરીથી ઉથલો મારે છે અને આવા એક-બે ઉથલા દરદીના પ્રાણ હરી લે છે. આમ, ટીબી પાછળ ખરચાતા કરોડો, કદાચ અબજો રૂપિયા પણ દરદીના પ્રાણ બચાવી શકતા નથી. માત્ર દાતાઓને એટલો સંતોષ રહે છે કે આ પીડાતા ગરીબ માનવીઓને બચાવવા કે દરદમાં રાહત આપવા અમે દાન કર્યું, પણ હકીકતમાં જે ગંજાવર ખર્ચ અને શ્રમ આ દરદ પાછળ કરીએ છીએ, એનાં પરિણામો સંતોષકારક તો નથી જ. કદાચ ટીબીનો એક દરદી તેના મૃત્યુ પહેલાં પોતાના દરદનો ચેપ ઘરના કે બહારના કોઈ ને કોઈ મનુષ્યને આપતો જ જાય છે. **(ક્રમશઃ)**

**- સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

પ્રતિ,

Printed and Published by **ATUL HARSUKHLAL SHAH** on behalf of **Viniyog Parivar Trust**, Printed at **RAJUL ARTS**, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from **VINIYOG PARIVAR TRUST**, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28991781, 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : **Sanjay Gandhi**